# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: વિરલ રાણા

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૨૦-૦૪-૨૦૨૪ શનિવાર                    સમય : સાંજે 06:25 કલાકે**

---

## ઉમેદવારી પત્રો-ચકાસણી:

ગુજરાતની લોકસભાની 26 બેઠકો માટે 491 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે 39 ઉમેદવારીપત્રો ભરાયા છે. કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દીવ અને દાદરા નગર હવેલી  લોકસભાની બે બેઠકો માટે 17 ઉમેદવારીપત્રકો ભરાયા છે.

આજે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે. સોમવારે ઉમેદવારીપત્રો પરત ખેંચી શકાશે. ઉમેદવારીપત્રો પરત ખેંચવાના દિવસે ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે. સાતમી મે ના રોજ મતદાન યોજાશે.

- (RNU અમદાવાદ)

---

## ગુજરાત-પ્રચાર-કેન્દ્રીયમંત્રી અને મુખ્યમંત્રી:

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પ્રચારકાર્યમાં જોડાયા હતા.

કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણે આજે અમદાવાદ જી.સી.સી.આઇ. દ્વારા યોજાયેલા વિકસિત ભારત 2047 વિષય પર યોજાયેલા વાર્તાલાપમાં ભાગ લીધો હતો અને 2047 સુધીમાં વિકસિત ભારતની નેમ સાકાર કરવાની ભાજપ સરકારની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. તેમણે દેશમાં આવેલા આર્થિક પરિવર્તન અંગે પણ ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમ પછી અમદાવાદમાં એક પત્રકાર પરિષદને નાણામંત્રીએ સંબોધન કર્યું હતું , અને દેશમાં ફરી એકવાર મોદી સરકાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

- (RNU અમદાવાદ)

---

## ઉમેદવારી પત્રો ચકાસણી-કચ્છ:

લોકસભાની ચૂંટણી માટેના ફોર્મ ભરવા  નો ગઈકાલે છેલ્લો દિવસ હતો . ગઈકાલે કચ્છ બેઠક પર વધુ બે ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા . કચ્છમાં મુખ્ય બે રાજકીય પક્ષો , અપક્ષ અને અન્ય ઉમેદવારના મળીને કુલ  11 ઉમેદવારો દ્વારા  16 ફોર્મ ભરાયા હતા . તેને ચકાસણી

આજરોજ હાથ ધરાઈ હતી. આજે ફોર્મ ચકાસણી વેળાએ ભરાયેલા તમામ ફોર્મ માન્ય રહેતા નિયમ મુજબ ડમી ઉમેદવારોના ફોર્મ આપોઆપ રદ થયા છે.

ફોર્મ ચકાસણી કામગીરી પૂર્ણ થયા બાદ હવે સોમવારે ફોર્મ પર ત ખેંચવાનો અંતિમ દિવસ હોઈ 22મી એપ્રિલે સાંજે સમગ્ર લોકસભા બેઠકનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

- (RNU અમદાવાદ)

---

## સ્વીપ પ્રવૃતિઓ-ડોર ટુ ડોર પ્રચાર:

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત કચ્છ જિલ્લામાં SVEEP હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. કચ્છમા મતદાન જાગૃતિ સંદર્ભે ડોર ટુ ડોર સંપર્ક અભિયાન વધુ વેગવંતુ કરવામાં આવ્યું છે.

તા.૦૧ એપ્રિલથી સમગ્ર જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકો તેમજ તેમના સ્ટાફ દ્વારા ડોર ટૂ ડોર જઈને મતદાન જાગૃતિ માટે પ્રયાસો થઈ રહ્યા છે.

ડોર ટૂ ડોર મતદાન જાગૃતિ અભિયાન દરમિયાન શાળાના શિક્ષકો દ્વારા મતદારોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવી રહ્યું છે તેમજ ચૂંટણી પંચ દ્વારા લોન્ચ કરવામાં આવેલી વિવિધ મોબાઈલ એપ્લિકેશન વિશે પણ માહિતગાર કરવામાં આવી રહ્યા છે. મતદારો તરફથી બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે

ઓછું મતદાન ટર્ન આઉટ ધરાવતા જિલ્લાના અબડાસા , રાપર અને ગાંધીધામ વિસ્તારોમાં આવી પ્રવૃત્તિઓ વધુ સઘન બનાવવા SVEEP અભિયાન ચલાવી રહ્યું છે..

- (માહિતી ખાતુ, ભુજ)

---

## ૨૫ વિધાનસભા વિસ્તાર-પોલીસ ફ્રૂટ માર્ચ:

લોકસભાની ચુંટણીને અનુલક્ષીને રાપર વિધાનસભા બેઠક પર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે રાપર વિધાનસભા બેઠકમાં આવતા રાપર , ભચાઉ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

જેમાં તાલુકા મથક રાપર , આડેસર, બાલાસર, ખડીર, લાકડીયા, સામખીયાળી, ગાગોદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા મતદાન મથકો ધરાવતા ગામો તથા સંવેદનશીલ મતદાન મથકો પર નિસંકોચ રીતે મતદાન થાય તે માટે પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓએ શહેરી વિસ્તારમાં તથા ગ્રામ્ય વિસ્તારોમાં ફુટ પેટ્રોલીંગ હાથ ધરી મતદાન દરમિયાન અનિચ્છનીય બનાવ ન બને તે માટે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર તત્પર હોય તેવો સંદેશો આપ્યો હતો.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## જીલ્લા કલેકટર-કચ્છીમાં મતદાન અપીલ:

જિલ્લા ચૂંટણી અધિકારી અને કચ્છ કલેકટર અમિત અરોરાએ કચ્છી બોલીમાં વીડિયો સંદેશના મારફતે કચ્છના મતદારોને ૭મી મેના અચૂક મતદાન કરવા અપીલ કરી છે.

સોશ્યલ મીડિયામાં પ્રચલિત થયેલા વીડિયો સંદેશમાં જિલ્લા કલેકટર અમિત અરોરાએ કચ્છી મતદારોને મુંજા કચ્છી ભા-ભેણ કહીને સંબોધન કર્યું છે. આ સંદેશમાં તેઓએ જણાવ્યું છે કે, લોકસભા ચૂંટણી માટે આગામી તા.૭મી મેના રોજ મતદાન થવાનું છે ત્યારે દરેક કચ્છી મતદારો પોતાની પવિત્ર ફરજ અદા કરી લોકશાહીને વધુ મજબૂત કરવા સહયોગી બને , લોકશાહીમાં મતદાન કરવું એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે ત્યારે કચ્છના મતદારો - આગામી ૭મી મેના મતદાન કરી લોકશાહીની પ્રક્રિયામાં પોતાની સહભાગીતા અચૂક નોંધાવે તેવી અપીલ કરી છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## રી. સાયંસ સેન્ટર-વિશ્વ પૃથ્વી દિવસ ઉજવણી:

રિજનલ સાયન્સ સેન્ટર ભુજ દ્વારા વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણીના ભાગરૂપે તારીખ ૨૩ એપ્રિલના જુદી-જુદી પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે.

ધોરણ ૩થી પાંચના વિદ્યાર્થીઓ માટે બપોરે વક્તવ્ય અને કવિતા સ્પર્ધા, જેમાં સ્પર્ધકોએ “સેવ અર્થ" વિષય પર ત્રણ મિનિટ ઇંગ્લિશ , હિન્દી કે ગુજરાતી ભાષામાં , રજૂઆત કરવાની રહેશે. તથા સાંજે ૫ થી ૬ દરમ્યાન ધોરણ ૬ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે ટ્રેઝર હન્ટ રમતનું આયોજન કરવામાં આવ્યું છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## મહાવીર જયંતી ઉજવણી:

સમગ્ર વિશ્વને અહિંસા, પ્રેમ, કરુણા, મૈત્રીનો સંદેશ આપનારા ૨૪ મા તીર્થંકર ભગવાન મહાવીરના બે હજાર ૬૨૨મા જન્મ કલ્યાણક દિવસની આવતીકાલે સમસ્ત જૈન સમાજ દ્વારા કચ્છમાં શોભા યાત્રતેમજ ધાર્મિક સેવાકીય જીવ દયાના કરો દ્વારા ઉજવણી કરવામાં આવશે.

- (વિરલ રાણા)

---